# ૪. દેશભક્ત જગડુશા

**રમણલાલ સોની**

રમણલાલ પીતાંબરદાસ સોનીનો જન્મ ઇ.સ. ૧૯૧૮ના ૨૫મી જાન્યુઆરીએ મોડાસા તાલુકાના કોકાપુર ગામમાં થયો હતો. આગ્રા યુનિવર્સિટીમાંથી બી.એ. કરીને મોડાસા હાઈસ્કૂલમાં શિક્ષક અને આચાર્ય તરીકે કાર્યરત રહ્યા. સત્યાગ્રહની લડતમાં સક્રિય રહી જેલવાસ પણ ભોગવ્યો. ખેડૂતો અને હરિજનોના ઉદ્ધાર માટે અનેક પ્રવૃત્તિઓનું સંચાલન તેમણે કર્યું. બાળસાહિત્ય અને અનુવાદ ક્ષેત્રે ખેડાણ કર્યું. તેમણે વાર્તા, કવિતા, નાટકો લખ્યાં છે. તેમની આત્મકથા 'રાખનું પંખી' નામે પ્રકાશિત થઈ છે. બંગાળી સાહિત્યનો ગુજરાતીમાં તેમણે અનુવાદ કર્યો છે.

તેમની નોંધપાત્ર કૃતિઓમાં શિશુકથા, શિશુસંસ્કારમાળા, ધનોતપનોતની ધડાધડ, સિંહાસન બત્રીસી, અરેબિયન નાઈટ્સની વાતો, ઈસપની બાળવાતો વગેરેનો સમાવેશ થાય છે. તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક અને ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ગૌરવ પુરસ્કારનું સન્માન મળ્યું છે. ઇ.સ. ૨૦૦૬ની ૨૦મી સપ્ટેમ્બરે અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં પાટણના રાજા વિશળદેવના જીવનના પ્રસંગ વર્ણવ્યા છે. રાજ્યની મુશ્કેલીના સમયે રાજા અને પ્રજા સમજપૂર્વક, ધીરજપૂર્વક ઉકેલ લાવે તો સમસ્યા હળવી થઈ જાય છે. દાનવીર જગડુશા પણ નગરશેઠ તરીકે માનવતાવાદી અભિગમ ધરાવે છે. જાત મહેનતે એકઠી કરેલી કમાણી અને સંચિત કરેલા અનાજના કોઠારોને સંકટ સમયે પ્રજા માટે ખુલ્લા મૂકી દેનાર શાહ સોદાગર જગડુશાના દિલની ઉદારતાનો સરસ પરિચય લેખકે પ્રસ્તુત નાટક દ્વારા કરાવ્યો છે.

સ્થળ : પાટણ — પાટણના રાજા વિશળદેવનો દરબાર

(રાજા વિશળદેવ દરબાર ભરીને બેઠા છે, પણ સૌનાં મોં ઉદાસ છે. આખાયે દરબારમાં જાણે નિરાશાની ઘેરી છાયા ફરી વળેલી છે. રાજાની સામે રાજજોષી ટીપણું પહોળું કરીને બેઠા છે. તે આંગળીના વેઢા પર આંકડા માંડે છે.)

**રાજા** : તે જોષીજી, આ વર્ષેય વરસાદ નથી શું?

**જોષી** : મહારાજ, મને થાય છે કે કાળવાણી ઉચ્ચારતાં મારી જીભ કપાઈ કેમ નથી જતી ?

**રાજા** : સમજી ગયો ! હું સમજી ગયો ! જોષી, હવે બોલવાની જરૂર નથી.

(એટલામાં બહારથી ઘણા લોકોનો પોકાર સંભળાય છે : 'અમને ખાવાનું આપો ! અમને જિવાડો! અમે મરી જઈએ છીએ !')

રાજા : મારી રાંકડી રૈયત ભૂખે મરે છે ! હવે તો એક આશા જગડુશાની રહી છે. પ્રધાનજી એમને તેડી લાવવા કચ્છ ગયા છે. આજકાલમાં આવી જવા જોઈએ.

દરવાન : (પ્રવેશી, રાજાને પ્રણામ કરી) મહારાજ ! કચ્છના શાહ સોદાગર શેઠ જગડુશા પધાર્યા છે. પ્રધાનજી પણ સાથે છે.

રાજા : (એકદમ ઉત્સાહમાં આવી) એકદમ, એકદમ એમને અંદર લઈ આવ !

દરવાન : (નમ્રતાથી) મહારાજ, પ્રધાનજીએ કહેવડાવ્યું છે કે શેઠ જગડુશા શાહ સોદાગર છે. તેમનો સત્કાર કરવા આપ પોતે –

રાજા : સમજ્યો, સમજ્યો એમના સત્કાર માટે મારે જ સામા જવું જોઈએ. પ્રધાનજીની વાત સાચી છે ! (રાજા ગાદી પરથી ઊભો થઈ જાય છે. આખી કચેરી ઊભી થઈ જાય છે. પછી રાજા જગડુશાનો સત્કાર કરવા પ્રવેશદ્વાર ભણી જાય છે. સામેથી પ્રધાન જગડુશાને લઈને આવે છે. જગડુશાને જોઈ રાજા ઝડપથી પગલાં ભરી એની સામે જાય છે, તેવી જ રીતે જગડુશા પણ ઝડપ કરે છે. બંને એકબીજાને વહાલથી ભેટે છે. પછી રાજા જગડુશાનો હાથ પકડી રાજગાદી તરફ દોરી જાય છે અને પોતાની જોડે જ ગાદી પર તેમને બેસાડે છે. બન્નેના બેઠા પછી પ્રધાન અને દરબારીઓ પોતપોતાના આસન પર બેસે છે.)

જગડુશા : મહારાજ, ઓચિંતાનો કેમ યાદ કર્યો મને ?

રાજા : સુખદુઃખની વાતો કરવા, શેઠજી ! ગુજરાતમાં આજે ત્રણ વરસથી કારમો દુકાળ ચાલે છે.

જગડુશા : એકલા ગુજરાતની કાં વાત કરો છો ? આખા હિંદુસ્તાનમાં આજે દુકાળ છે. સિંધ મેવાડ, માળવા, કાશી અને ઠેઠ કંદહાર લગી આજે લોકો ભૂખે મરે છે અને પાનખરમાં પાંદડાં ખરે તેમ ખરે છે. વખત એવો બારીક છે કે ભલભલાની લાજ જવાનો વખત છે. સાત ખોટના દીકરાના મોંમાંથી બાપ બટકું રોટલો કાઢી ખાય છે. મૂઠી ધાન સારુ માબાપ છોકરાંને વેચે છે ! શી ખબર શું થવા બેઠું છે ?

રાજા : રામજી રાખશે તે રહેશે ! પણ આવે વખતે રૈયતને ટકાવી રાખવાનો રાજ્યનો ધર્મ છે.

જગડુશા : આપ સરખા પ્રજાવત્સલ રાજાના મોંમાં આવા જ શબ્દો શોભે. મને એ સાંભળી બહુ આનંદ થાય છે. મેં તો સાંભળ્યું છે કે આપે આપના ધાનના કોઠાર અને ધનના ભંડાર ગરીબોને માટે ખુલ્લા મૂકી દીધા છે !

રાજા : મૂકી દીધા હતા; હવે તો એય ખાલી થઈ ગયા. હવે મારા ધનના ભંડાર અને અન્નના કોઠારોય ખાલીખમ પડ્યા છે અને રૈયતના પેટનો ખાડો તો હજી ઊણો ને ઊણો જ છે. ધાર્યું'તું કે ઓણ સાલ વરસાદ આવશે ને સૌ સારાંવાનાં થશે, પણ વરસાદ આવ્યો નહિ, અધૂરામાં પૂરું તીડ પડ્યાં ! લોકો ત્રાહિમામ પોકારે છે !

(એટલામાં બહારથી પોકાર આવે છે : ''અમે મરી જઈએ છીએ, અમને જિવાડો, અમને જિવાડો, અમને અનાજ આપો !'')

જગડુશા : (બહારનો પોકાર સાંભળી) ભૂખ્યાં ગળાંમાંથી પૂરો અવાજ પણ નીકળતો નથી.

રાજા : વસ્તીનું આ દુઃખ એ મારું દુઃખ છે, પણ નિવારણનો કોઈ રસ્તો મને દેખાયો નહિ. ત્યારે હું મૂંઝાયો. એવે વખતે તમે યાદ આવ્યા !

જગડુશા : (નવાઈ પામી) હું યાદ આવ્યો ? કેવી રીતે ?

રાજા : મારા સાંભળવામાં આવ્યું છે કે પાટણમાં જગડુશાની માલિકીની કેટલીક અનાજની વખારો છે !

જગડુશા : જગડુશાની માલિકીની અનાજની વખારો ? મહારાજ, આપની કંઈક ભૂલ થાય છે. મારી માલિકીની કોઈ અનાજની વખાર મેં પાટણમાં કે કોઈ શહેરમાં રાખી જ નથી.

રાજા : તો અમે સાંભળ્યું એ શું ?

જગડુશા : કંઈક સમજફેર થઈ હશે, મહારાજ ! કારણ કે વખારો મારી ખરીને ?

રાજા : (નવાઈ પામી) વખારો આપની છે અને છતાં એ આપની માલિકીની નથી, એમ આપનું કહેવું છે ?

જગડુશા : વાત એમ છે કે વખારો મારી છે એ વિશે કંઈ શંકા નથી !

રાજા : અને એ વખારોમાંનું અનાજ ?

જગડુશા : એ અનાજ મારું નથી.

રાજા : (હતાશ બની જઈ) એ અનાજ તમારું નથી ? તો શું તમે એ કોઈને દઈ દીધું છે ? કોને દીધું ? ક્યારે દીધું ? હું તમને એના મોં માગ્યા દામ આપત !

જગડુશા : એ અનાજ મારું નથી એ નિશ્ચિત છે. મેં કોને દીધું અને ક્યારે દીધું એ જાણવું હોય તો – એમ કરોને, એ વખારો ખોલાવી એની તપાસ કરાવો ને ?

રાજા : કેવી રીતે ખબર પડશે ?

જગડુશા : એમ જ ખબર પડશે. દરેકે દરેક વખારની અંદર ભીંતપત્ર પર તાંબાપતરામાં લેખ લખાવીને જડાવેલો છે. તેમાં એ અનાજના માલિકનાં નામઠામ બધું લખેલું છે !

રાજા : ઠીક છે, ઠીક છે ! હું એ માલિકની પાસે જઈશ ને કહીશ કે સુકાળ થયે તેને એક એક દાણા સાથે મોતી ગણીને આપીશ, પણ આજે મારી પર આટલી દયા કર !

જગડુશા : જે રાજાના દિલમાં રૈયતનાં સુખદુઃખનો આવો ખ્યાલ છે તેને અનાજ જરૂર મળી રહેશે.

રાજા : મળી રહેશે ? કોટવાલજી, જાઓ વખારો ઉઘાડો અને લેખ અહીં લઈ આવો !

કોટવાલ : જેવી આજ્ઞા, મહારાજ ! (જવાનું કરે છે.)

જગડુશા : મહારાજ ! આપે આટલી તકલીફ લેવાની કંઈ જ જરૂર નથી ! હમણાં જ મારા માણસો લેખ લઈને અહીં આવશે. મેં ક્યારનાયે તેમને ત્યાં મોકલી દીધા છે. (એટલામાં હાથમાં તાંબાપતરું લઈને એક માણસ સભામાં દાખલ થાય છે. બધા તેની સામે જોઈ રહે છે. પહેલાં એ રાજાને અને પછી જગડુશાને પગે લાગે છે અને પતરું જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા એ પતરું રાજાના હાથમાં મૂકે છે.)

રાજા : આ જ એ લેખ ?

જગડુશા : હા, મહારાજ ! પંડિતજી પાસે એ વંચાવો.

રાજા : પંડિતજી, લો આ લેખ વાંચો.

(પંડિતજી ઊભા થઈને આગળ આવે છે. ઉઘાડા ડિલ પર ઉપરણો અને માથે પંડિતશાહી પાઘડી શોભે છે. રાજાની સામે આવી પ્રણામ કરી પતરું હાથમાં લે છે.)



પંડિત : (પતરું વાંચે છે.) મહારાજ, સાંભળો આમાં લખ્યું છે કે આ વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાંડુઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી !

(આખી સભા આ સાંભળી ઘડીભર સ્તબ્ધ બની જાય છે. પછી કળ વળતાં બધા 'વાહવાહ !' પોકારે છે.)

રાજા : વાહ, જગડુશા વાહ ! (ઊભો થઈ જઈ જગડુશાને ભેટી પડે છે.) તમે તો કહેતા હતા કે અનાજ તમારું નથી ?

જગડુશા : તો મારું.... છે ? એ તો ગરીબોનું છે. આ અનાજમાંથી એક દાણોય લેવાનો મને હક્ક નથી !

(એટલામાં બીજો માણસ હાથમાં પતરું લઈને આવી પહોંચે છે. તે રાજાને તથા જગડુશાને પગે લાગી લેખ જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા તે રાજાને સોંપે છે. રાજા પંડિતને આપે છે.)

પંડિત : (બીજો લેખ વાંચે છે.) મહારાજ સાંભળો, હવે હું બીજી વખારનો લેખ વાંચું છું. આમાં લખ્યું છે વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાંડુઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી !

આખી સભા 'વાહવાહ' પોકારે છે. રાજા ફરી જગડુશાને ભેટી પડે છે. એવામાં ત્રીજો માણસ પ્રવેશે છે. પહેલાની પેઠે તે પતરું પણ જગડુશાના અને રાજાના હાથમાં થઈને પંડિતના હાથમાં આવે છે.)

પંડિત : હવે ત્રીજી વખારનો આ લેખ સાંભળો : આ વખાર જગડુશાની છે, પણ એ અનાજના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી ! દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે.

રાજા : વાહવાહ! વાહવાહ!

રાજા : જગડુશા, આવી કેટલી વખારો છે ગામમાં ?

જગડુશા : ચાલીસેક હશે મહારાજ !

રાજા : ચાલીસ વખારો ? ત્યારે તો મારી પ્રજા જીવી ગઈ અને હું ય જીવી ગયો ! જ્યાં લગી ગુજરાતમાં તમારા જેવા ઉદાર શ્રેષ્ઠીઓ છે. જગડુશા ! ત્યાં લગી ગુજરાત રાજ્યને કોઈ આંચ આવવાની નથી ! (ત્યાં તો એક સાથે અનેક માણસો હાથમાં તાંબાપતરાં લઈ સભામાં પ્રવેશે છે. અને એમને જોઈ આખી સભા આનંદમાં અને આવેશમાં આવી ઊભી થઈ 'જયનાદ' પોકારે છે.)

આખી સભા : ગુજરાતનો રાજા ઘણું જીવો ! ગુજરાતનો શાહ સોદાગર ઘણું જીવો ! ગુજરાત રાજ્ય અમર રહો !

(પડદો)

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં દેશભક્ત જગડુશા જેવા અનેક દાનવીરો જેવા કે દાનવીર કર્ણ, ભામાશા વગેરેનો મૌખિક પરિચય કરાવી શકાય. ઉદારતા, માનવતા, ભલમનસાઈ જેવાં નૈતિક ગુણોનો વિકાસ આ કૃતિ દ્વારા કરાવી શકાય. સંકટના સમયે એકબીજાને મદદ કરવી જોઈએ. તેમજ આજે દેશમાં જ્યારે ત્સુનામી, ઘોડાપૂર, દુકાળ, હિમવર્ષા જેવી આપત્તિજનક સ્થિતિ ઊભી થાય તેવા સમયે સરકારને મદદ કરવાની ભાવના વિકસાવવા બાળકને પ્રેરિત કરી શકાય છે. દેશપ્રેમ અને રાષ્ટ્રભક્તિની ભાવના આ કૃતિ દ્વારા સાધ્ય કરી શકાય છે.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) પંચાંગ (૨) ભયંકર (૩) ભૂપતિ (૪) આશ્ચર્ય

(૫) નિરાશ (૬) પ્રજા (૭) ભવિષ્યવાણી (૮) રંક

**સ. ૨. ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો : ઉદા. આશા-નિરાશા**

આબરૂ, માલિક, શ્રીમંત, આનંદ, દુકાળ, સુખ, જન્મ

**સ. ૩. આપેલા શબ્દોના બે-બે પર્યાય શબ્દ લખો :**

(૧) અનાજ (૨) રૈયત (૩) રાજા

(૪) લાજ (૫) ગરીબ (૬) નિરાશ

**સ. ૪.** **યોગ્ય જોડી બનાવો :**


| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) આંકડા માંડવા | (અ) અવાક્ થઈ જવું. |
| (૨) જીભ કપાઈ જવી | (આ) નિરાંત થવી |
| (૩) સાત ખોટનો દીકરો હોવો | (ઇ) બધી રીતે શુભ થવું |
| (૪) સૌ સારાંવાનાં થવાં | (ઈ) ખૂબ લાડકો, એકનો એક દીકરો |
| (૫) કળ વળવી | (ઉ) બોલતાં બંધ થઈ જવું. |
| (૬) સ્તબ્ધ થઈ જવું | (ઊ) ગણતરી કરવી |

**સ. ૫.** **નીચેના શબ્દસમૂહો માટે વપરાતો એક શબ્દ કૌંસમાંથી શોધો :**


(અવર્ણનીય, કર્તવ્યનિષ્ઠા, નિ:સ્વાર્થ, દાનવીર, દ્વારપાલ, દેશભક્ત, ધ્યેયનિષ્ઠ, કોઠાર)

(૧) કર્તવ્ય માટે તત્પર રહેનાર
(૨) ધાન્ય સાચવવા ભરવાની જગ્યા
(૩) ખૂબ દાનધર્મ કરનાર
(૪) દરવાજા પર પહેરો ભરનાર
(૫) જેનું વર્ણન ન કરી શકાય એવું
(૬) વિશિષ્ટ ધ્યેય સામે રાખીને ચાલનાર
(૭) સ્વાર્થરહિત કાર્ય કરનાર
(૮) દેશ માટે મરી ફીટનાર

**સ. ૬.** **હાથની સાથે જુદાં જુદાં ક્રિયાપદ જોડીને તેનો અર્થ બતાવો :**




**સ. ૭.** **નાટકના પાત્રોનાં નામ લખો.**




**સ. ૮.** **વિચારીને લખો :**

(૧) પાટણના રાજા
(૨) ટીપણું પહોળું કરીને બેઠાં
(૩) અમને ખાવાનું આપો એમ કહેનાર
(૪) કચ્છના શાહ સોદાગર
(૫) પતરું વાંચનાર
(૬) જગડુશાને લઈ આવનાર

**સ. ૯.** **યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો :**

(૧) તાંબાના પતરાના લેખમાં વખારની માલિકી _______________ લખેલી હતી.
(અ) દેશની પ્રજાની  (આ) જગડુશાની  (ઇ) વેપારીની

(૨) જગડુશા શેઠે વખારની અંદર લેખ______________ લખાવ્યા હતા.

(અ) સોનાના પતરા પર (આ) ચાંદીના પતરા પર (ઇ) તાંબાના પતરા પર

(૩) વખારમાંનું બધું અનાજ એના ______________.

(અ) દેશનું છે (આ) રાજાનું છે (ઇ) ભૂખે મરતાં ગરીબ ભાઈભાડુંઓનું છે

(૪) જગડુશાનો નગરશેઠ તરીકે પ્રગટ થતો અભિગમ ______________ છે.

(અ) વેપારીનો (આ) કરકસરયુક્ત (ઇ) માનવતાવાદી

(૫) પાટણના રાજા માટે જગડુશા શેઠ ______________ વિશેષણ વાપરે છે.

(અ) પ્રજાવત્સલ (આ) મુત્સદ્દી (ઇ) કંજૂસ

**સ. ૧૦. નીચેનાં વિધાનોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) સાત ખોટના દીકરાના મોંમાંથી બાપ બટકું રોટલો કાઢી ખાય છે.

(૨) રાજા જગડુશાનો હાથ પકડી રાજગાદી તરફ દોરી જાય છે.

(૩) ગુજરાતમાં આજે ત્રણ વરસથી કારમો દુકાળ ચાલે છે.

(૪) કચ્છના શાહ સોદાગર શેઠ જગડુશા પધાર્યા છે.

(૫) રાજાની સામે રાજજોષી ટીપણું પહોળું કરીને બેઠા છે.

(૬) કાળવાણી ઉચ્ચારતાં મારી જીભ કપાઈ કેમ નથી જતી ?

**સ. ૧૧. નીચેનાં વાક્યો કોણ, કોને કહે છે તે લખો :**

(૧) ઓચિંતાનો કેમ યાદ કર્યો મને ?

(૨) જાઓ વખારો ઉઘાડો અને લેખ અહીં લઈ આવો !

**સ. ૧૨. કૌંસમાં આપેલા શબ્દનું યોગ્ય રૂપ લખી વાક્ય પૂર્ણ કરો :**

(૧) બન્નેના બેઠા પછી પ્રધાન અને દરબારીઓ (પોતપોતાનું) _____________આસન પર બેસે છે.

(૨) આપ સરખા પ્રજાવત્સલ રાજાના મોંમાં (આવું) _____________ જ શબ્દો શોભે.

(૩) (ભૂખ્યું) _____________ ગળામાંથી (પૂરું) _____________ અવાજ પણ નીકળતો નથી.

(૪) તમારી (કેટલું) _____________ વખારો છે ગામમાં ?

**સ. ૧૩. કૌંસમાં આપેલા સર્વનામનું યોગ્યરૂપ ખાલી જગ્યામાં લખો :**

(૧) (હું) ____________ થાય છે કે કાળવાણી ઉચ્ચારતા મારી જીભ કપાઈ કેમ નથી જતી ?

(૨) (હું) ____________ તો સાંભળ્યું છે કે (આપ) ____________ (આપનું)____________ ધનના કોઠાર ખુલ્લા મૂકી દીધા છે.

(૩) (હું) ____________ રાંકડી રૈયત ભૂખે મરે છે.

(૪) તો શું એ (તમે) ____________ વખારો નથી.

(૫) (અમે) ____________ એ બધી વાતની ખબર પડશે.

**સ. ૧૪. આપેલાં વાક્યને ભૂતકાળમાં બદલો :**

(૧) દરબારીઓ આસન પર બેસે છે. - ____________________________

(૨) અનાજની વખારો કાલથી ખુલ્લી મુકાશે. - ____________________________

(૩) ગુજરાતમાં જગડુશા જેવા ઉદાર શ્રેષ્ઠીઓ છે. - ____________________________

(૪) હું બીજી વખારનો લેખ વાંચીશ. - ____________________________

(૫) માણસો હાથમાં તાંબાપતરાં લઈ સભામાં પ્રવેશે છે. - ____________________________

**સ. ૧૫. જગડુશા શેઠનો સ્વભાવ/ પાત્રપરિચય તમારા શબ્દોમાં લખો.**

★ **આ નાટકમાંથી તમને ગમતા સંવાદો નોંધી તમારા મિત્ર સાથે વર્ગમાં રજૂ કરો.**

## પ્રકલ્પ

★ **જુદાં જુદાં પાંચ ઐતિહાસિક નાટકો શોધી તેની એક હસ્તલિખિત પુસ્તિકા તૈયાર કરો.**

## લેખન કૌશલ્ય

★ **નીચેના મુદ્દાના આધારે તમારા શબ્દોમાં વાર્તા લખો. તેને યોગ્ય શીર્ષક આપો :**

પાંડવો અને કૌરવોના ગુરુ દ્રોણાચાર્ય - એક વાર નિશાન તાકવાની પરીક્ષા - એક વૃક્ષ પર ગુરુએ પક્ષી મૂકવું - દરેકને વારા ફરતી બોલાવવા - પક્ષીની આંખ વીંધવાનું કહેવું - શું શું દેખાય છે તે પૂછવું - બધું જ દેખાતું હોવાનું દરેકનું કહેવું - ગુરુનું નિરાશ થવું - છેલ્લે અર્જુનને બોલાવવું - અર્જુનનો જવાબ - માત્ર પક્ષીની આંખ દેખાવી - ગુરુ દ્વારા નિશાન તાકવાની આજ્ઞા - નિશાન યોગ્ય તાકવું - પક્ષીની આંખ વીંધાવી - ગુરુની શાબાશી - દરેકને એકાગ્રતાનું મહત્ત્વ સમજાવવું - બોધ -

★ **તમે જોયેલા એક અદ્ભુત સરકસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.**

## વિશેષ વાંચન

### 'ઈ તો સાંયડી રોપી છે !'

સાંભરી આવે છે સાતેક વર્ષ પહેલાંના કચ્છ-ભ્રમણ દરમિયાન ઘડ્યો પ્રસંગ. ભ્રમણનો મુખ્ય ઉદ્દેશ હતો, એકાદા રબારી લગ્નની શક્ય એટલી દસ્તાવેજી સામગ્રી એકઠી કરવાનો. કચ્છનાં ભાતીલાં લોકવરણમાંયે રબારી જેવી રૂપાળી, ખડતલ અને ખુમારીભરી જાતિ બીજી એકેય નહીં ! નમણા, ભીનેવાન પંડથી માંડી અંગનાં પહેરવેશ-આભૂષણો, ભૂંગાનાં લીંપણગૂંપણ અને ઘરવખરી : બધાંમાં આંખે ઊડીને વળગે એવી જન્મજાત રુચિ-સૂઝ.

રબારીના આરાધ્યદેવ કૃષ્ણ. ને પરંપરા માગે કે રબારીનાં લગ્ન લેવાય કેવળ ગોકુળ આઠમે ! આમ, ગામેગામ લગ્ન હોય. મીંઢીયાણામાં ઢેબરિયા રબારીઓનો મોટો વસવાટ, એટલે ઘણાં ઘેર લગ્ન હતાં. પૂછા કરતાં ખબર પડી કે બે જાનોને નજીકના ટપર ગામે ઉતારો આપવામાં આવ્યો હતો. સાતમની બપોરે જ ટપર પહોંચી, આવેલ જાનનાં વડેરાંઓને મળી આઠમની લગ્નવિધિને છબીઓમાં મઢવાની સંમતિ મેળવી લીધી. સાંજ થવાને હજી વાર હતી એટલે ખોરડાંનાં લીંપણ શણગાર અને જાનૈયાઓના ઠાઠને નીરખતાં, વાસના ચોક મહીં આવ્યાં. બીચ પડ્યા ખાટલાઓમાંથી એક પરે, ગોદડાંના વીંટાને અઢેલીને એક ભાભુમા માળા ફેરવતાં બેઠાં હતાં. ખાટની પડખે જ, નાની કાંટાળી વાડના ઘેરા બીચ, આછા ભીના પોતમાં વીંટ્યો એક રોપો જોઈ કુતૂહલ થઈ આવ્યું, ને નજીક જઈ એ અંગે પૂછા કરી. અમને આવકારતાં હળવું હસીને બાઈ બોલ્યાં, 'ઈ તો સાંયડી રોપી છે, ભલા !'

પળભર તો કીધું ઊકલ્યું નહીં, પણ પછી એક અવર્ણ્ય રોમાંચ અનુભવ્યો એ સહજ સર્યા ઉત્તરની ઓળખે. 'છાંયડી' રોપી હતી. બસ. લીમડો, વડ-પીપળ કે પછી આંબો-આંબલી, ઝાડના નામનુંય અગત્ય નહોતું ! ને એ વધતાં પહેલાં જ ઘેટાં-બકરાં ચરી ના જાય કે ધખતા ધોમ એને સૂકવી ના દે, માટે ફરતી મેલી હતી કાંટાળી વાડ અને માથે પાતળું ભીનું પોત !

કોઈ સમરથ કવિનેય ઈર્ષ્યા થઈ આવે એટલો સચોટ ને સભર શબ્દ-વિલાસ હતો એ ! ને જેને વાંચતાં-લખતાં યે નહોતું આવડતું એવી એક અભણ ગ્રામનારીએ સહજ ઊભર્યા અલંકારની સાથોસાથ આપણી સંસ્કૃતિના એક મૂળભૂત મૂલ્યને પણ દોહરાવ્યું હતું ! છાંયડી એટલે છત્ર-છાયા, આશ્રય અને રક્ષણ. છાંયડી, ભારતના અજોડ ઔદાર્ય અને સહિષ્ણુતાનું પરિમાણ છે. જગતના અનેક શરણાર્થીઓની પેઢીનીપેઢી એ ઓથમાં નિર્ભયપણે ફૂલીફાલી છે. વિવિધ ભાષાઓ અને ધર્મની ચિંતનધારાઓ પ્રગટી-પાંગરી છે.

જ્યાં લગી આપણાં જનગણમન મહીં ભાવ-કથનનું આવું સૌષ્ઠવ ભર્યું પડ્યું છે. ત્યાં લગી ગુર્જરગિરાના સાતત્યને, કહો, શી આંચ આવશે ?

– પ્રદ્યુમ્ન તન્ના

7FIHHC

સમસ્ત ગુણોની સીમા દાન છે. – ચાણક્ય